# ઉત્થાન

**પેટલાદ એજ્યુકેશન ટ્રસ્ટ, પેટલાદ સંચાલિત**

**શ્રી આર. કે. પરીખ આર્ટ્સ એન્ડ સાયન્સ કોલેજ, પેટલાદ.**

( Accredited By NAAC : 'B'+ Grade) GSIRF : 2024 (**** 4star)

**વર્ષ : ૧૬** | **સપ્ટે-૨૫ થી માર્ચ-૨૬** | ✲ વાર્ષિક લવાજમ : રૂા. ૫૦/- ✲ છૂટક નકલ રૂા. ૫/- | **સળંગ અંક : ૭૫**

✲ **તંત્રીશ્રી :**
પ્રિ. ડૉ. વિમલ જોષી

✲ **સહ તંત્રીશ્રી :**
ડૉ. કે.આર.વણકર
પ્રો. બી.ડી.જોશી
ડૉ. ગિરીશ ચૌધરી
ડૉ. અલ્પેશ પ્રજાપતિ
ડૉ. પુનિત એચ. સુથાર
ડૉ. હિરેન ચાવડા
શ્રી રાકેશ એ. ભટ્ટ (ગ્રંથપાલ)

✲ **વિદ્યાર્થી સંપાદકો :**
મીનલ રાજ
અપેક્ષા પરમાર
આરતી રાઠોડ
ફોરમ ગોહેલ
મેહુલ ઠાકોર

✲ **ફોટોગ્રાફર :**
શ્રી યશ પટેલ

✲ **પ્રકાશક :**
શ્રી આર. કે. પરીખ આર્ટ્સ એન્ડ સાયન્સ કોલેજ, પેટલાદ.
પોસ્ટ બોક્સ નં. : ૨૩
મુ. પેટલાદ - ૩૮૮ ૪૫૦.
જિ. આણંદ - ગુજરાત.
ફોન : (૦૨૬૯૭) ૨૫૨૩૯૬

**Website :**
www.petladcollege.org.in
Email : petladartsandscience@gmail.com


**તંત્રીશ્રીની કલમે....**

## ઈન્ટર્નશીપ : અભ્યાસક્રમનું અવિભાજ્ય અંગ – NEP-2020ના પરિપ્રેક્ષ્યમાં કારકિર્દી વિકાસની અનિવાર્યતા

**શિક્ષણ અને અનુભવનું સંતુલન :**

આજના ઝડપથી બદલાતા યુગમાં ઉચ્ચ શિક્ષણનું ધોરણ માત્ર સૈદ્ધાંતિક કે પુસ્તકિયું જ્ઞાન પૂરતું સીમિત નથી રહ્યું; વર્તમાન રાષ્ટ્રીય શિક્ષણ નીતિ (NEP-2020) એ ભારતીય શિક્ષણ પ્રણાલીને એક એવું માળખું આપ્યું છે કે જે જ્ઞાન+કુશળતા+અનુભવ- આ ત્રણેયને એક સમાન મહત્ત્વ આપે છે. આ પદ્ધતિ અનુસાર ઈન્ટર્નશીપને ‘અભ્યાસક્રમના કેન્દ્રવર્તી અને અભિન્ન અંગ’ તરીકે સ્વિકારવામાં આવ્યું છે. કોઈપણ વિદ્યાર્થીનું શૈક્ષણિક-કારકિર્દીલક્ષી ભણતર કે ઘડતર ત્યારે જ પૂર્ણ ગણાય કે જ્યારે તે વાસ્તવિક ક્ષેત્રમાં પગ મૂકીને તેના મૌલિક અનુભવો પ્રાપ્ત કરે. અભ્યાસક્રમના ભાગરૂપે આયોજિત કરવામાં આવતી ઈન્ટર્નશીપ વિદ્યાર્થીઓના વ્યક્તિત્વ વિકાસ અને કારકિર્દી ઘડતર માટે વિશેષ અગત્યતા ધરાવે છે.

(૧) પ્રાયોગિક જ્ઞાનનો સીધો સંપર્કઃ વર્ગખંડમાં શીખેલા સિદ્ધાંતોને જ્યારે કાર્યસ્થળના વાસ્તવિક માહોલમાં અજમાવવામાં આવે છે, ત્યારે વિદ્યાર્થીની સમજ વધુ ઘડાય છે. કાર્યપદ્ધતિ, ટેકનિકલ સ્કિલ્સ, ઉદ્યોગની કાર્યશૈલી, સમયવ્યવસ્થાપન-આ બધું પ્રત્યક્ષ અનુભવથી જ વિકસે છે.

(૨) કારકિર્દી આયોજનની સ્પષ્ટતા : ઘણા વિદ્યાર્થીઓ અભ્યાસ દરમિયાન પોતાની કારકિર્દી વિશે મૂંઝવણ અનુભવતા હોય છે. ઈન્ટર્નશીપના અનુભવથી વિદ્યાર્થીની મૂંઝવણ દૂર થાય છે અને કારકિર્દી આયોજન અંગે સ્પષ્ટતા કેળવાય છે. ઈન્ટર્નશીપથી વિદ્યાર્થીને સાચી રુચિ કયા ક્ષેત્રમાં છે ?; કયું ક્ષેત્ર લાંબાગાળે અનુકૂળ છે ?; કારકિર્દી વિકાસ માટે કઈ સ્કિલસને મજબૂત બનાવવી જોઈએ ? - જેવા પ્રશ્નોના વાસ્તવિક જવાબ ઈન્ટર્નશીપ દ્વારા મળી શકે છે.

(૩) ૨૧મી સદીની કુશળતાઓનો વિકાસઃ આજના નોકરીબજારમાં ફક્ત ટેકનિકલ જ્ઞાન ઉપરાંત જરૂરી હોય તેવું-ટીમવર્ક, નેતૃત્વ, સંવાદકૌશલ્ય, ક્રિટિકલ થિંકિંગ, પ્રોબ્લેમ સોલ્વિંગ જેવી સોફ્ટ સ્કિલ્સ વિકસાવવાની તક ઈન્ટર્નશીપમાં રહેલી છે.

(૪) રોજગારલક્ષી તકોમાં વધારોઃ ઉદ્યોગો એવા ઉમેદવારોને પ્રાથમિકતા આપે છે, જે પ્રાયોગિક સમજ ધરાવતા હોય; કામનો અનુભવ ધરાવતા હોય. ઈન્ટર્નશીપ વિદ્યાર્થીને આ બંને તક પૂરી પાડે છે અને રોજગારની તકોમાં વૃદ્ધિ કરે છે. ઈન્ટર્નશીપ વિદ્યાર્થીના રિઝ્યુમને મજબૂત બનાવે છે તેમજ કાર્યસ્થળના વર્કકલ્ચરનો અનુભવ પૂરો પાડે છે.

(૫) નેટવર્કિંગ અંગે માર્ગદર્શન : ઈન્ટર્નશીપ દરમિયાન ઉદ્યોગના નિષ્ણાતો, મેન્ટર્સ,ટીમ લીડર્સ દ્વારા મળતું માર્ગદર્શન જીવનભર ઉપયોગી સાબિત થાય છે. નેટવર્કિંગ ઘણીવાર નવો અવસર જન્માવે છે.

શૈક્ષણિક સંસ્થા અને ઉદ્યોગગૃહોની સંવાદિતામાં ઈન્ટર્નશીપની વિશેષ અગત્યતા રહેલી છે.

(૧) અભ્યાસક્રમનું ઉદ્યોગ-સંવાદિત સંદર્ભે સંકલન : ઈન્ટર્નશીપના આધારે શિક્ષકોને ઉદ્યોગની તાજી જરૂરિયાતો સમજવા મળે છે. ઉદ્યોગગૃહોની જરૂરિયાતોને આધારે શૈક્ષણિક સંસ્થાઓ અભ્યાસક્રમ, એસાઈન્મેંટ, પ્રોજેક્ટ્સ અને શિક્ષણ પદ્ધતિને વધુ સમકાલીન બનાવી શકે છે.

......પાન નં. ૨

(૨) ઉદ્યોગ-સહકારના નવા દ્વારઃકોલેજો ઉદ્યોગગૃહો સાથે, Mou, ટ્રેઈનિંગ પ્રોગ્રામ્સ, ગેસ્ટ લેક્ચર અને કેમ્પસ પ્લેસમેન્ટ દ્વારા વિદ્યાર્થીઓને વિશેષ તક આપી શકે છે.

(૩) Outcome-Based Education (OBE) ને મજબૂત બનાવવું : ઈન્ટર્નશીપ આધારિત રિપોર્ટ, પ્રેઝન્ટેશન અને પ્રોજેક્ટ્સ વિદ્યાર્થીઓનું વાસ્તવિક શૈક્ષણિક આઉટકમ દર્શાવે છે, જે OBE માટે અત્યંત ઉપયોગી છે.

(૪) સંસ્થાની પ્રતિષ્ઠામાં વધારો : પ્રતિષ્ઠિત ઉદ્યોગગૃહોમાં વિદ્યાર્થીઓ ઈન્ટર્નશીપનો ઉત્તમ અનુભવ મેળવીને આવે છે ત્યારે સંસ્થાની છબી, ગુણવત્તા અને નોકરી સ્થાપન દર બંનેમાં વધારો થાય છે.

NEP-2020 માં ઈન્ટર્નશીપનું સ્થાન : NEP-2020 અનુસાર UG ના દરેક વિદ્યાર્થીઓને ક્રેડિટ આધારિત ઈન્ટર્નશીપ પૂર્ણ કરવી ફરજિયાત છે. ઈન્ટર્નશીપથી સ્થાનિક સ્તરથી લઈને રાષ્ટ્રીય સ્તર સુધીના વિવિધ ક્ષેત્રોમાં કાર્યાનુભવ મેળવી શકાય છે. શિક્ષણને 'સ્થાનિકથી વૈશ્વિક' દષ્ટિકોણ આપવાની દિશામાં ઈન્ટર્નશીપ એક મહત્ત્વપૂર્ણ કડી છે. NEP માં સ્કિલ ડેવલપમેન્ટને રાષ્ટ્રીય પ્રાધાન્ય અપાયું છે. ઈન્ટર્નશીપથી વિદ્યાર્થીઓમાં રહેલા કૌશલ્યનો વિકાસ થાય છે અને ભારતની યુવા શક્તિને વૈશ્વિક સ્તરે પ્રતિસ્પર્ધી બનાવી શકાશે.

''પાઠ્યપુસ્તક આધારિત જ્ઞાનને પાંખો ત્યારે જ મળે,
જ્યારે તે અનુભવના આકાશમાં ઊડે.''

''ઈન્ટર્નશીપ એ કારકિર્દીની પ્રથમ સીડી છે, જ્યાં
દરેક દિવસ ભવિષ્યનું નવું બારીક રેખાંકન કરે છે.''

" Dream is not that which you see while sleeping. It is something that does not Let you sleep."

- Dr. APJ Abdul Kalam

''અનુભવ એ શિક્ષણનો અંતિમ અધ્યાય અને કારકિર્દીનું પ્રથમ પ્રસ્તાવન છે.''

ઉપસંહાર : શિક્ષણથી અનુભવ અને અનુભવથી સફળતા સુધી દોરી જનારી ઈન્ટર્નશીપ વિદ્યાર્થીઓ માટે એક ફરજ નથી પણ તે જીવન અને કારકિર્દીનું સંક્રમણ સ્થળ છે. અહીંથી જ તેઓ પ્રથમ વખત કાર્યસ્થળના પડકારો, જવાબદારીઓ અને વ્યાવસાયિક વ્યવહારનો સીધો પરિચય મેળવે છે. શૈક્ષણિક સંસ્થાઓ માટે પણ ઈન્ટર્નશીપ શિક્ષણને વધારે સમૃદ્ધ, ગુણવત્તાસભર અને આધુનિક બનાવવા માટેનું માધ્યમ બને છે. આમ, NEP-2020 દ્વારા આપવામાં આવેલી માર્ગદર્શિકા વિદ્યાર્થીઓને રોજગાર પ્રાપ્તિની તકો પૂરી પાડે છે તેમજ સ્વાવલંબિતાલક્ષી જવાબદાર નાગરિક તરીકે ઘડવામાં મહત્વપૂર્ણ યોગદાન આપે છે.

- પ્રિ. ડૉ. વિમલ જોષી

* * *

' બાળક એ આવતી કાલની આશા અને રાષ્ટ્રનું અણમોલ ધન છે એના શિક્ષણ અને સંસ્કાર માટે જેટલું કરીએ તેટલું ઓછું જ ગણાય અને એ અંગે જે કંઈ કરીએ તે ઉગ્યા સિવાય રહેજ નહીં. '

# AN EXPERIENCE THAT SHAPED MY UNDERSTANDING OF SCIENCE AND SERVICE

**Introduction :** I had the opportunity to complete a 21-day internship at the Indian Red Cross Society, Sub-Branch, Petlad, from 1 November 2025 to 21 November 2025.

**My Experience :** My internship at the Indian Red Cross Society, Sub-Branch, Petlad was one of the most enriching and eye-opening learning experiences of my academic journey. It provided me with practical exposure to medical laboratory procedures and public health services, which helped me understand the real-world application of concepts we study in classrooms.

During the internship, I learned several techniques, such as ABO blood grouping, venepuncture and blood collection, ELISA testing, sample processing, and the procedures carried out in pathology laboratories. The staff members were extremely supportive and explained each step with clarity and patience. Their guidance helped me understand not only how a procedure is performed, but also why precision and accuracy are essential in laboratory practice.

One of the most surprising and valuable realisations was the role of automated instruments. I discovered that modern diagnostics depend heavily on automated analysers and advanced machines, which ensure reliability, efficiency, and standardisation of results.

This experience made me understand that scientific knowledge must always be accompanied by discipline, compassion, and integrity.

A blood donation camp organised at Vadadla on 6 November 2025 allowed me to observe the community health service closely. It showed me how such initiatives contribute to humanitarian work and how important teamwork and coordination are in such events.

One of the most memorable experiences was learning phlebotomy through venepuncture. After observing others, I attempted the procedure for the first time on 14 November and successfully collected blood on my very first try. During the internship, I performed two successful blood collections and seven sample collections for biochemical testing. These hands-on experiences boosted my confidence and helped me understand the importance of skill, patience, and proper technique.

Another meaningful aspect of this internship was the supportive environment and the new friendships I built. These days gave me memories and learnings that I will carry with me for years. To assess our understanding. An MCQ test was conducted on 20 November 2025, and I was glad to perform well in it.

The internship concluded with a Certificate Distribution Program, where we also expressed our gratitude to the staff members by presenting mementos. It was a moment of pride and reflection, reminding me of how much I had grown during this journey.

I am deeply grateful to Dr. Vimal Joshi, Principal, Prof. Baldev D. Joshi, Head, Department of Microbiology, and Dr. Sagar S. Vaidya, Associate Professor, Department of Microbiology, for providing me with continuous guidance and support throughout my internship. I also express my heartfelt gratitude to the authorities of the Indian Red Cross Society, Sub-Branch, Petlad, for guiding me, supporting me, and allowing me to learn from their dedicated team. This internship has truly enriched my understanding of both science and service.

**My Reflection :** "In my opinion, the internship

The component under NEP 2020 is extremely beneficial. It bridges the gap between theory and real-world application. It prepares students for actual workplace environments after graduation. It helps them develop both professional skills and personal maturity. As per my view, such internship programs are extremely advantageous and should continue as an integral part of the curriculum."

**Binita P. Vaghari ,**

Dept. Of Microbiology (B.Sc.Sem -6, Roll No.-40)

* * *

## આજનો યુવાન

**આજનો યુવાન નોકરીમાં બેકાર છે,**
**પણ પ્રેમમાં પાગલ છે.**
**યુવાનની પ્રગતિના આ જ સમાચાર છે.**
**મોંઢામાં મસાલો હાથમાં માણેકચંદ છે.**
**અમીરખાનથી પૂરો માહિતગાર છે.**
**પણ, ગાંધીજી ભગતસિંહ, વિવેકાનંદથી અજાણ છે.**
**આજે કઈ ફિલ્મ છે, દૂરદર્શન પર તો તેની ખબર છે.**
**પણ પૂછો કે લાયબ્રેરી ક્યાં છે, તો લાચાર છે.**
**આ નથી કિસ્સો કે શાયરી**
**આ તો ૨૧ મી સદીના યુવાનની ઓળખાણ છે.**

## વૃદ્ધાશ્રમમાં થયેલી ઈન્ટર્નશીપના સંસ્મરણો...

આ ઈન્ટર્નશીપનો સમયગાળો મારી જીવનયાત્રાનો એક મહત્ત્વપૂર્ણ ભાગ બની ગયો. જ્યારે હું 'શ્રી ભાઈલાલભાઈ ઈશ્વરભાઈ પટેલ વૃદ્ધાશ્રમ'ના દ્વાર પર આવી ત્યારે મારા મનમાં ઉત્સુકતા હતી અને થોડી અચકાટ પણ હતી. પણ ત્યાં પહોંચતાંની સાથે જ સ્ટાફ અને વૃદ્ધોનો આત્મિય પરિચય અને સ્વાગત મળ્યું. તેમની આંખોમાં એક અનોખી શાંતિ અને લાગણી દેખાતી હતી. ત્યારે જ મને સમજાયું કે અહીં દરેક દિવસ એક નવી શીખ આપશે.

તા. ૦૨-૧૧-૨૦૨૫ના રોજ સવારે ૧૦-૩૦ કલાકે હું વૃદ્ધાશ્રમમાં આવી. વૃદ્ધાશ્રમમાં સૌ પ્રથમ સંસ્થાના સંચલાક શ્રી મૂળજીભાઈ સોલંકી સાહેબને મળીને પોતાનું નામ, કોલેજનું નામ જેવી પ્રાથમિક માહિતી આપી અને ઈન્ટર્નશીપનો હેતુ સમજાવ્યો. વૃદ્ધાશ્રમમાં ઈન્ટર્નશીપ કરવા માટે સંમતિ માગી અને તેમણે રાજીખુશીથી સંમતિ આપી. ત્યારબાદ વૃદ્ધાશ્રમનું નિરીક્ષણ કર્યું. અને વૃદ્ધ દાદા-દાદીની સાથે બેસીને વાતો કરી અને તેમનો પરિચય મેળવ્યો.

બપોરના ૧૧ કલાકે ભોજનાલયમાં ભોજન બનાવવામાં મદદ કરી હતી. ત્યાર પછી ભોજન પીરસવામાં પણ મદદ કરી હતી. ભોજન લીધા પછી ત્યાં થોડી સાફ-સફાઈ કરી અને ત્યાં દાદા-દાદીના ઓરડાઓ પણ સાફ કર્યા.

બીજા દિવસે આવ્યા ત્યારે ૧૦:૩૦ કલાકે વૃદ્ધ દાદા-દાદી સાથે બેસીને વાર્તાલાપ કર્યો. દાદા-દાદીએ પોતાનું નામ, તે ક્યાંથી આવ્યા છે, કેટલા સમયથી આ સંસ્થામાં છે, કયાં કારણોસર આવ્યાં છે, વગેરે... તેવી તમામ માહિતી આપી હતી. તે માહિતી મોબાઈલ ફોનમાં રેકોર્ડ કરવામાં આવી હતી. તેમજ તેમના જીવનમાં વિતાવેલી હર પળ કેવી અનમોલ હતી ! તે તેમની વાતો પરથી સ્પષ્ટ થતું હતું.

તા. ૫-૧૧-૨૦૨૫ ના દિવસે કારતક સુદ પૂનમના રોજ દેવદિવાળી નિમિત્તે ૮-૦૦ કલાકે ભગવાન સત્યનારાયણની કથા રાખવામાં આવી હતી અને તે નિમિત્તે અમે ત્યાં હાજર રહ્યાં હતાં. ત્યારબાદ આરતી, ભજન અને તેના પછી પ્રસાદ વહેંચાયો હતો. તે દિવસે અમે વૃદ્ધોને પારલેજી બિસ્કીટનું વિતરણ કર્યું હતું. તેમજ દાદા-દાદી બધા જ અમને તેમના બાળકો સમાન રાખતાં હતાં.

અમે દરરોજ સવારે આવતા અને સાફ સફાઈ કરતા, પ્રાર્થના કરતા, યોગા કરતા, તેમજ ભોજન બનાવવામાં મદદ કરતા ત્યારબાદ પીરસવામાં પણ મદદ કરવા લાગતા. બપોરે તેમની સાથે બેસીને વાતો કરતાં જેથી તેમને અને અમને પણ ખૂબ જ આનંદ થતો હતો.

ઈન્ટર્નશીપ દરમિયાન વૃક્ષારોપણનો નાનો કાર્યક્રમ કર્યો હતો જેમાં ફૂલ-છોડ રોપ્યા અને દાદા-દાદીઓને પણ સહભાગી કર્યા. તેઓ ખૂબ આનંદથી સહભાગી બન્યાં હતાં. થોડા ફોટા પાડ્યા ત્યાર પછી દરરોજ સવારે આવ્યા પછી તે ફૂલ-છોડને પાણી પીવડાવતા. ઈન્ટર્નશીપના આ દિવસો મારા જીવનની યાદગાર દિવસો બની ગયા છે.

**શ્રી ભાઈલાલભાઈ ઈશ્વરભાઈ પટેલ વૃદ્ધાશ્રમ.**

સંસ્થાના સ્ટાફ સાથે કામ કરતાં અમને સંવાદ અને સંચાલનના કૌશલ્યો શીખવા મળ્યાં. સ્ટાફના સભ્યો કેવી રીતે શાંતિથી વૃદ્ધોની જરૂરિયાતોને સમજે છે તે જોયું. તે માનવીય સેવાનું સાચું ઉદાહરણ હતું.

આ ઈન્ટર્નશીપ દરમ્યાન મેં સમાજશાસ્ત્રના પુસ્તક જ્ઞાનને જીવંત રૂપમાં અનુભવ્યું. સામાજિકીકરણ સ્થાપિત કરતી સંસ્થાની સમાજમાં

ભૂમિકાઓ જેવા ખ્યાલો નજરોનજર નીહાળ્યા. મને એ પણ સમજાયું કે સમાજના પ્રગતિશીલ માળખામાં વૃદ્ધોની ભૂમિકા કેટલી અગત્યની છે. તેમના અનુભવ વગર સમાજની સંસ્કારજાળ અધૂરી છે. આ અનુભવોએ મારી વિચાર સરણીને નવી દિશા આપી. મારી અંદર સહાનુભૂતિ, સહકાર અને સેવા જેવા માનવીય ગુણો વધુ મજબૂત બન્યા.

અંતે હું એટલું કહીશ કે આ વૃદ્ધાશ્રમ એ મારા માટે માત્ર ઈન્ટર્નશીપનું સ્થાન ન હતું પરંતુ માનવતાની પાઠશાળા હતી. જયાં દરેક દિવસ એક જીવંત અધ્યાય હતો.

**- ઠાકોર એશાબેન રાવજીભાઈ (બી.એ.સેમ.-૬, રોલ નં. ૫૭)**

* * *

## ઈન્ટર્નશીપ : મારી યાદગાર સફર

કોઈપણ સફળ કાર્ય પાછળ અનેક વ્યક્તિઓનું માર્ગદર્શન અને પ્રોત્સાહન છુપાયેલું હોય છે. મારી ૨૧ દિવસની ઈન્ટર્નશીપ તાલીમના સફળતાપૂર્વક સમાપન બદલ હું હૃદયપૂર્વક આભાર વ્યકત કરું છું.

સૌ પ્રથમ હું અમારી કોલેજના પ્રિન્સિપાલ ડૉ. વિમલ જોષી સાહેબની અત્યંત આભારી છું, કે જેમણે અમને શૈક્ષણિક વિકાસ માટે આ અમૂલ્ય તક પૂરી પાડી છે. સાથે જ હું અમારા HOD બલદેવ જોષી સરનો તથા ડૉ. સાગર વૈદ્ય સરનો હૃદયપૂર્વક આભાર માનું છું તેમના સતત પ્રોત્સાહન, શૈક્ષણિક માર્ગદર્શન અને યોગ્ય દિશા-નિર્દેશ વગર આ ઈન્ટર્નશીપ પૂર્ણ કરવી શક્ય નહોતી.

- ઈન્ટર્નશીપ રેડક્રોસ સોસાયટી, પેટલાદ ખાતે મને તાલીમ લેવાની મંજૂરી આપવા બદલ હું સંસ્થાના સેક્રેટરી ડૉ. રાજેશ ત્રિવેદી સરનો પણ વિશેષ આભાર વ્યકત કરું છું.

- પ્રેક્ટિકલ તાલીમ દરમિયાન મને બ્લડ બેંક અને લેબોરેટરીની દરેક બારીકાઈઓ ખૂબ જ ધીરજપૂર્વક સમજાવવા બદલ લેબ ટેકન્શિયનલ કૌશિક પટેલ સરની હું વિશેષ ઋણી છું. તેમના અનુભવ અને માર્ગદર્શને મને એક જવાબદાર મેડિકલ ટેકનિશિયલ તરીકે ઘણું નવું શીખવ્યું છે. તથા રેડક્રોસના અન્ય તમામ સ્ટાફ મિત્રો અને મારા સહાધ્યાયીઓનો પણ આભાર માનું છું. જેમણે પ્રત્યક્ષ અને પરોક્ષ રીતે મને આ સમયગાળા દરમિયાન મદદ કરી છે.

**મુખ્ય અહેવાલ :-**

મેં તારીખ ૦૧ નવેમ્બર-૨૦૨૫ થી ૨૧ નવેમ્બર-૨૦૨૫ દરમિયાન ઈન્ડિયન રેડક્રોસ સોસાયટી, પેટલાદ ખાતે મારી ૨૧ દિવસની ઈન્ટર્નશીપ સફળતાપૂર્વક પૂર્ણ કરી છે. આ સમયગાળા દરમિયાન મને બ્લડબેંક અને પેથોલોજી લેબોરેટરીના વિવિધ ટેકનિકલ પાસાઓ શીખવા મળ્યા છે તથા પ્રેકટિકલ અનુભવ મેળવવાની તક મળી છે. આ અહેવાલ મારા પ્રાયોગિક-અનુભવ મેળવવાની તક મળી છે. આ અહેવાલ મારા પ્રાયોગિક-અનુભવનો અને તકનિકી કૌશલ્યોનું સંક્ષિપ્ત નિરૂપણ છે.

- ઈન્ડીયન રેડ ક્રોસ સોસાયટી, પેટલાદ શાખા એક માનવત્તાવાદી સંસ્થા છે. જે રક્તદાન, આપત્તિ વ્યવસ્થાપન અને આરોગ્ય સેવાઓ ક્ષેત્રે કાર્યરત છે. અહીં અત્યાધુનિક લેબોરેટરી અને બ્લડબેંકની સુવિધા ઉપલબ્ધ છે. જ્યાં દર્દીઓને ચોક્કસ રિપોર્ટ્સ અને બ્લડ યુનિટ પૂરા પાડવામાં આવે છે. પેટલાદ રેડક્રોસ સોસાયટી વર્ષ ૧૯૬૮ થી સતત કાર્યરત છે. આણંદ જિલ્લામાં તે બ્લડબેંક અને તબીબી સેવાઓ માટે ખૂબ જ મહત્ત્વનું સ્થાન ધરાવે છે. લોકસેવા અને બ્લડ ડોનેશન કેમ્પના આયોજનમાં આણંદ જિલ્લાની ટોચની સંસ્થાઓમાં તેની ગણતરી થાય છે. આ બ્લડબેંક ૨૪ કલાક કાર્યરત અને કટોકટીના સમયે લોહીની વ્યવસ્થા કરવામાં અગ્રેસર છે તથા લેબોરેટરીમાં વ્યાજબી દરે વિવિધ ટેસ્ટની સુવિધા આપતી સંસ્થા છે. આવી સંસ્થામાં તાલીમ લેવાનો જે મને અવસર આપવા બદલ હું મારા પ્રિન્સિપાલ સાહેબ તથા મારા પ્રોફેસરનો આભાર માનું છું.

**પ્રતિભાવ :**

**- પ્રાયોગિક જ્ઞાન અને કૌશલ્ય વિકાસ :**

ઈન્ડિયન રેડક્રોસ સોસાયટી ખાતેની મારી ૨૧ દિવસની ઈન્ટર્નશીપ અત્યંત જ્ઞાનવર્ધક રહી છે. બ્લડબેંકમાં બ્લડ કલેકશન રૂમ, શીરોલોજી લેબમાં કરવામાં આવતા વિવિધ નૈદાનિક પરીક્ષણો જેવા કે Blood grouping, Reverse Blood, Grouping, Cross Matching, VDRL જેવી ટેકનિક અંગે મને ઊંડાણપૂર્વકનું પ્રાયોગિક જ્ઞાન પ્રાપ્ત થયું છે. તથા ELISA Washer અને Reader જેવા અત્યાધુનિક મશીનોના ઉપયોગ દ્વારા નિદાનની પ્રક્રિયા સમજવી એ મારા માટે એક શ્રેષ્ઠ અનુભવ હતો.

**- ક્ષેત્રીય અનુભવ :** (Field Experience)

વડદલા PHC ખાતે આયોજિત રક્તદાન શિબિરો માટે મને વાસ્તાવિક પરિસ્થિતિમાં કાર્ય કરવાનો અવસર મળ્યો.

- નિષ્ણાત માર્ગદર્શકોની દેખરેખ હેઠળ રક્ત સંગ્રહ માટેની 'Veni Puncture' ટેકનિકમાં મેં નિપુણતા મેળવી છે. શરૂઆતમાં થોડો સંકોચ હતો. પરંતુ સ્ટાફના પ્રોત્સાહનથી મેં સફળતાપૂર્વક લોહીના નમૂના લેવાનું કૌશલ્ય કેળવ્યું છે.

**- શૈક્ષણિક અને સૈદ્ધાંતિક સ્પષ્ટતા :**

તાલીમ દરમિયાન સ્ટાફ દ્વારા લેવામાં આવેલા થિયરી કલાસ અને S.O.P. ના વાંચનથી મારા પાયાના ખ્યાલો વધુ સ્પષ્ય થયા છે. HIV અને ART Tablets વિશે જે સમજણ મળી, તેણે તબીબી ક્ષેત્રે મારી સામાજિક જવાબદારી પ્રત્યેની દ્દષ્ટિ પણ બદલી છે.

સંસ્થાનો શિસ્તબદ્ધ માહોલ અને સ્ટાફનો સહયોગી સ્વભાવ પ્રશંસનીય છે. દરેક પ્રક્રિયામાં ઝીણવટભર્યું માર્ગદર્શન આપવા બદલ હું સંસ્થાની આભારી છું.

**- નિષ્કર્ષ :-**

આ ઈન્ટર્નશીપની તાલીમે શૈક્ષણિક જ્ઞાનને પ્રાયોગિક ધોરણે કેવી રીતે અમલમાં મૂકવું તે શીખવ્યું છે. ભવિષ્યમાં આ ક્ષેત્રમાં કારકિર્દી બનાવવા ઈચ્છતા અન્ય વિદ્યાર્થીઓ માટે ઈન્ડિય રેડક્રોસ સોસાયટી, પેટલાદ એક ઉત્તમ તાલીમ કેન્દ્ર છે.

**- અર્પિતાબેન રસિકભાઈ રાવળ (બી.એસસી.સેમ.-૬ ,માઈક્રોબાયોલોજી, રોલ નં.૩૯)**

* * *

## ઈન્ટર્નશીપનું મહત્ત્વ

ઈન્ટર્નશીપ એટલે કોઈપણ વિદ્યાર્થી, તાલીમાર્થી અથવા નવું શીખનાર વ્યક્તિ માટે વાસ્તવિક કાર્યક્ષેત્રમાં અનુભવ મેળવવાનો ઉત્તમ અવસર. આજના સમયમાં કેરિયર બનાવવામાં થિયરી સાથે પ્રેક્ટિકલ અનુભવ પણ એટલો જ મહત્ત્વનો બની ગયો છે. શૈક્ષણિક સંસ્થાઓમાં મળતું પુસ્તકિયું જ્ઞાન અને વાસ્તવિક કામ કરવાની રીત વચ્ચે ઘણો ફરક હોય છે. આ બંને વચ્ચેનું અંતર દૂર કરવા માટે ઈન્ટર્નશીપ ખૂબ ઉપયોગી સાબિત થાય છે.

ઈન્ટર્નશીપનો મુખ્ય હેતુ વિદ્યાર્થીને તેમના વિષય સંબંધિત ક્ષેત્રમાં પ્રેક્ટિકલ જ્ઞાન આપવાનો છે. જ્યારે વિદ્યાર્થી કોઈ કંપની, સંસ્થા અથવા ઉદ્યોગમાં ઈન્ટર્ન તરીકે કામ કરે છે ત્યારે તેને કાર્યપદ્ધતિ, સમયનું આયોજન, ટીમ સાથે કાર્ય કરવાની રીત, કામમાં આવતી સમસ્યાઓ

અને તેમના ઉકેલ વિશે ઘણું શીખવાની તક મળે છે. આ અનુભવ ભવિષ્યમાં મજબૂત કેરિયર બનાવવા માટે ખૂબ જ ઉપયોગી બને છે.

ઈન્ટર્નશીપથી વિદ્યાર્થીઓને મળતો સૌથી મોટો લાભ છે - પ્રેક્ટિકલ અનુભવ. તેઓ પુસ્તકોમાં શીખ્યા છે તે હકીકતમાં કેવી રીતે લાગુ પડે છે તે સમજવા મળે છે. ઉદાહરણ તરીકે, કમ્પ્યુટર એન્જિનિયરિંગનો વિદ્યાર્થી કોડિંગ શીખે છે. પરંતુ કંપનીમાં જઈને તે કેવી રીતે પ્રોજેક્ટમાં લાગુ પડે છે, ટીમ સાથે કેવી રીતે સહકાર આપવો પડે છે, કલાયન્ટની જરૂરિયાત પ્રમાણે કામ કેવી રીતે બદલવું પડે તે બધું માત્ર ઈન્ટર્નશીપથી જ સ્પષ્ટ થાય છે.

ઈન્ટર્નશીપની બીજી એક ખાસિયત એ છે કે વિદ્યાર્થીને ઉદ્યોગનું વાતાવરણ સમજવાની તક મળે છે. કંપનીમાં શિસ્ત, સમયસર કામ, મિટિંગ, રિપોર્ટ બનાવવો, સિનિયર્સ સાથે કોમ્પ્યુનિકેશન, પ્રોફેશનલ વર્તન જેવી બાબતો કોઈપણ પુસ્તક શીખવી શકતું નથી. આ બધું અનુભવથી જ શીખી શકાય છે.

ઈન્ટર્નશીપ દરમિયાન વિદ્યાર્થીના અનેક સ્કિલ્સ વિકાસ પામે છે. જેમ કે...

- સંચાર કુશળતા (Communication Skills)
- ટીમ વર્ક
- પ્રોબ્લેમ સોલ્વિંગ
- ડિજિટલ સ્કિલ્સ
- ટાઈમ મેનેજમેન્ટ
- નેતૃત્વ (Leadership)

આ બધા સ્કિલ્સ ભવિષ્યની નોકરીમાં ખૂબ જ જરૂરી બની જાય છે.

ઈન્ટર્નશીપનો એક મહત્ત્વનો ફાયદો એ છે કે તે વિદ્યાર્થીનું રિઝ્યૂમ મજબૂત બનાવે છે. નોકરી માટે અરજી કરતી વખતે કંપનીઓ સામાન્ય રીતે એવા ઉમેદવારને પ્રાથમિકતા આપે છે જેને અગાઉનો અનુભવ હોય. ઈન્ટર્નશીપ તે જ અનુભવનો પુરાવો તરીકે કાર્ય કરે છે. જેથી ભવિષ્યમાં નોકરી મેળવવાની શક્યતાઓ ઘણી વધે છે. બહુ વખત વિદ્યાર્થીઓને ખબર પડતી નથી કે તેઓ કયા ફીલ્ડમાં કે કયા પ્રકારનું કામ કરવા માટે સુટ કરે છે. ઈન્ટર્નશીપથી તેઓને પોતાનો રસ અને ક્ષમતાનું મૂલ્યાંકન કરવા મળે છે. કોઈ ક્ષેત્ર ગમે છે કે નહીં તે અનુભવ કર્યા પછી જ સમજાય છે. આ રીતે ઈન્ટર્નશીપ કેરિયર ગાઈડન્સમાં પણ મદદરૂપ છે.

ઘણી કંપનીઓમાં સારી કામગીરી કરનાર ઈન્ટર્નને જ ભવિષ્યમાં સ્થાયી નોકરીની તક અપાય છે. એટલે કે ઈન્ટર્નશીપ ઘણી વખત નોકરીનો માર્ગ તૈયાર કરે છે.

લાસ્ટ પરંતુ ખૂબ મહત્ત્વની વાત એ છે કે ઈન્ટર્નશીપ વિદ્યાર્થીને આત્મવિશ્વાસી બનાવે છે અને ભવિષ્યના પડકારોને સરળતાથી સ્વીકારી શકે છે.

આ કારણે ઈન્ટર્નશીપ આધુનિક શિક્ષણ અને કેરિયર આયોજનનો અત્યંત મહત્ત્વનો ભાગ બની ગયો છે. દરેક વિદ્યાર્થીએ પોતાના વિષય અનુસાર યોગ્ય સંસ્થામાં ઈન્ટર્નશીપ કરવી જોઈએ જેથી ભવિષ્યના વિકાસના દ્વાર ખુલ્લા થઈ શકે.

**- હિરલ એ. પરમાર (બી.એ.સેમ.-૬, સમાજશાસ્ત્ર, રોલ નં. ૧૦૩)**

* * *

***માણસ પૈસા બચાવે તે જરૂરી છે પરંતુ એ પૈસાથી માણસ માણસને બચાવે તે વિશેષ જરૂરી છે.***

***હૃદયની કોઈ જ ભાષા હોતી નથી. હૃદય હૃદયથી જ વાતચીત કરે છે.***

# ઈન્ટર્નશીપ દ્વારા કારકિર્દી ઘડતર

સમાજશાસ્ત્ર એ માત્ર પુસ્તકીય જ્ઞાન નથી, પરંતુ સમાજના વાસ્તવિક પ્રશ્નોને સમજવાનું વિજ્ઞાન છે. અભ્યાસના ભાગરૂપે મેં 'વિવિધલક્ષી મહિલા કલ્યાણ કેન્દ્ર, પેટલાદ' ખાતે ઈન્ટર્નશીપ પૂર્ણ કરી છે. આ સમયગાળા દરમિયાન મને સામાજિક માળખું સ્ત્રીઓના પ્રશ્નો અને સરકારી યોજનાઓના અમલીકરણને નજીકથી જોવાની તક મળી.

**(૧) વ્યવસાયિક કૌશલ્યોનો વિકાસ :** (Skill Development)

ઈન્ટર્નશીપ દરમિયાન વિદ્યાર્થી માત્ર કામ નથી કરતો, પરંતુ અનેક 'સોફ્ટ સ્કિલ્સ' શીખે છે. જે ભવિષ્યમાં કોઈપણ નોકરી માટે અનિવાર્ય છે.

*** સંદેશાવ્યવહાર કળા :** (Communication SKills)

ગ્રામીણ મહિલાઓ, સરકારી અધિકારીઓ અને અન્ય સામાજિક કાર્યકરો સાથે વાતચીત કરવાથી પ્રભાવશાળી રીતે બોલવાની અને સાંભળવાની ક્ષમતા કેળવાય છે.

*** સહાનુભૂતિ અને ધૈર્ય** (Empathy & Patience)

પીડિત મહિલાઓના પ્રશ્નો સાંભળતી વખતે તટસ્થ રહીને સહાનુભૂતિ દર્શાવવી એ સમાજશાસ્ત્રના વિદ્યાર્થી માટે મોટું કૌશલ્ય છે.

*** ડેટા કલેકશન અને રિપોર્ટ રાઈટિંગ :**

સંસ્થામાં રોજિંદા અહેવાલો લખવા અને કેસ હિસ્ટ્રી તૈયાર કરવાથી લેખન અને વિશ્લેષણ શક્તિ વધે છે.

**(૨) વિવિધ ક્ષેત્રોમાં કારકિર્દીની તકો :** (Career Paths)

*** (અ) બિન-સરકારી સંસ્થાઓ (NGOs) અને આંતરરાષ્ટ્રીય એજન્સીઓ :**

NGO ક્ષેત્રમાં હવે પ્રોફેશનલ લોકોની માંગ વધી છે.

- પ્રોજેક્ટ મેનેજર : સંસ્થાના વિવિધ પ્રોજેક્ટ્સ જેમ કે સ્ત્રી સશક્તિકરણ કે સાક્ષરતાનું આયોજન અને અમલીકરણ કરવું.

- ફિલ્ડ ઓફિસર : સીધા લોકો સાથે જોડાઈને પાયાના સ્તરે કામ કરવું.

- UNICEF/UNESCO :- જો તમારી પાસે સારો અનુભવ હોય, તો તમે આંતરરાષ્ટ્રીય સ્તરે પણ સામાજિક સુધારણા માટે કામ કરી શકો છો.

*** (બ) સરકારી ક્ષેત્ર :** (Government Sector) :

સરકારીની અનેક કલ્યાણકારી યોજનાઓ સમાજશાસ્ત્રના નિષ્ણાતો વિના અધૂરી છે.

- CDPO (Child Development Project Officer) : મહિલા અને બાળ વિકાસ વિભાગમાં ઉચ્ચપદ.

- સમાજ કલ્યાણ નિરીક્ષક :- વંચિત સમુદાયો માટેની યોજનાઓનું નિરીક્ષણ કરવું.

- MSW/ BSW સંબંધિત હોદ્દો : સરકારી હોસ્પિટલોમાં, 'મેડિકલ સોશિયલ વર્કર' તરીકેની નિમણૂક.

*** (ક) કોર્પોરેટ સોશિયલ રિસ્પોન્સિબિલિટી (CSR) :**

આજકાલ દરેક મોટી કંપની જેમ કે ટાટા, રિલાયન્સ પોતાના નફાનો અમુક ભાગ સામાજિક કાર્યોમાં વાપરે છે.

- સમાજશાસ્ત્રના વિદ્યાર્થીઓ આ કંપનીઓમાં CSR એક્ઝિક્યુટિવ તરીકે જોડાઈ શકે છે, જે કંપની અને સમાજ વચ્ચે કડી બને છે.

❊ (ક) સંશોધન અને શિક્ષણ (Resarch and Acadmia) :

- માર્કેટ રિસર્ચ : કંપનીઓ ગ્રાહકોની માનસિકતા સમજવા માટે સમાજશાસ્ત્રીઓને હાયર કરે છે.

- પ્રોફેસર : આગળ નેટ (NET / GSET) ની પરીક્ષા પાસ કરીને શૈક્ષણિક ક્ષેત્રમાં ઉજ્જવળ કારકિર્દી બનાવી શકાય છે.

**(૩) સામાજિક નેટવર્કિંગ અને એક્સપોઝર :**

ઈન્ટર્નશીપનો સૌથી મોટા ફાયદો 'નેટવર્કિંગ' છે. પેટલાદ જેવા વિસ્તારમાં કામ કરતી વખતે તમે (૧) સ્થાનિક વહીવટીતંત્ર (મામલતદાર, કલેક્ટર ઓફિસ) ના સંપર્કમાં આવો છો. (૨) કાયદાકીય સલાહકારો અને વકીલો સાથે કામ કરવાની રીત શીખો છો. (૩) તમારા વિષયના તજજ્ઞો સાથે પરિચય કેળવાય છે. જે ભવિષ્યમાં નોકરી મેળવવામાં રેફરન્સ તરીકે કામ લાગે છે.

**❊ મહિલા કલ્યાણ કેન્દ્ર, પેટલાદના અનુભવનું મૂલ્ય :-**

તમે જે સંસ્થામાં ઈન્ટર્નશીપ કરી છે તે ખાસ કરીને 'મહિલાલક્ષી' છે. આજના સમયમાં 'જેન્ડર સ્ટડીઝ' (Gender Studies) એક ખૂબ મહત્ત્વનો વિષય છે. તમારી પાસે સ્ત્રીઓના પાયાના પ્રશ્નોનું પ્રાયોગિક જ્ઞાન હોવાથી, તમે 'મહિલા સુરક્ષા' બેટી બચાવો કે 'કૌટુંબિક સલાહ કેન્દ્ર' જેવા વિશિષ્ટ પ્રોજેક્ટ્સમાં પ્રાધાન્ય મેળવી શકો છો.

અંતે મારા મત મુજબ ઈન્ટર્નશીપ એ માત્ર ડિગ્રી મેળવવાની શરત નથી, પરંતુ તે વ્યાવસાયિક સફળતાનો પાયો છે. તે વિદ્યાર્થીને આત્મવિશ્વાસ આપે છે કે તે સમાજમાં પરિવર્તન લાવવા માટે સક્ષમ છે. જો યોગ્ય દિશામાં આ અનુભવનો ઉપયોગ કરવામાં આવે, તો સમાજશાસ્ત્રનાં વિદ્યાર્થીઓ માત્ર નોકરી શોધનાર નહીં પણ સમાજના માર્ગદર્શક બની શકે છે.

**- ઠાકોર પાયલબેન અશોકભાઈ (ટી.વાય.બી.એ.સેમ.-૬, રોલ નં. ૧૧૮)**

❊ ❊ ❊

## મારા ઈન્ટર્નશીપના યાદગાર અનુભવો

આણંદ જિલ્લાના પેટલાદ તાલુકામાં આવેલી ચંદુલાલ કેશવલાલ સાર્વજનિક પુસ્તકાલયમાં હું ૨૧ દિવસ ઈન્ટર્નશીપ કરવા માટે ગઈ હતી. આ પુસ્તકાલય પેટલાદમાં નવાપુરા નાકે, ચાવડી બજાર પાસે આવેલી છે. તેની સ્થાપના તા. ૪-૮-૧૮૭૩ માં થઈ હતી. અને આ પુસ્તકાલય સમગ્ર ગુજરાત રાજ્યમાં સાતમાં ક્રમમાં સ્થાન ધરાવે છે. આ પુસ્તકાલય ના સ્થાપનાને આશરે ૧૭૫ વર્ષનો સમગયાળો થઈ ગયો છે. આ સાર્વજનિક પુસ્તકાલયમાં મહિલા પુસ્તકાલય પણ છે. તેમણે બાળકો માટે, વૃદ્ધો માટે, પુરુષો માટે, સ્ત્રીઓ માટે વિવિધ પ્રકારના માર્ગદર્શક પુસ્તકોની સુવિધા છે. તેમાં નીચે રૂમોમાં સર્વપ્રકારના માર્ગદર્શક અને જનરલ નોલેજના પુસ્તકો જોવા મળે છે, અને ઉપરની રૂમોમાં મહિલા પુસ્તકાલય છે.

**મારા અનુભવો :-**

આ ઈન્ટર્નશીપનો સમયગાળો મારી જીવનયાત્રાનો એક મહત્ત્વપૂર્ણ ભાગ બની ગયો છે. જ્યારે હું પેટલાદ પુસ્તકાલયમાં પહેલીવાર પહોંચી ત્યારે મનમાં ઉત્કંઠા પણ હતી અને થોડી ખચકાટ પણ હતી. પરંતુ ત્યાં પહોંચતાંની સાથે જ સ્ટાફના સર અને મેડમનો આવકાર મળ્યો. તેમની આંખોમાં એક અનોખો ભાવ અને શાંતિ દેખાતી હતી. ત્યારે જ મને સમજાયું કે અહીં દરેક દિવસ એક નવી શીખ આપશે.

મારો દિવસ કંઈક આ રીતે પસાર થતો...

આજે મારો ઈન્ટર્નશીપનો પહેલો દિવસ છે અને મને ઘરેથી એવી આશા છે કે હું પુસ્તકાલયમાં ઈન્ટર્નશીપ સારી રીતે કરીશ. હું ત્યાં પુસ્તકાલયમાં પહોંચી ત્યારે મને કંઈજ ખબર પડતી ન હતી, ત્યારે ત્યાંના ગ્રંથપાલ કૈલાસ મેડમ આવ્યાં અને અમારી હાજરી પૂરી. ત્યારબાદ મેં પુસ્તકોની નોંધણી અને વર્ગીકરણ કર્યું પછી વાચકોને પુસ્તક આપવાની અને પરત લેવાની પ્રક્રિયા કરી. પુસ્તકાલયનો રેકોર્ડ, નવા પુસ્તકોની માહિતી અને એન્ટ્રી કરી ત્યારબાદ વાચકોને માહિતી શોધવામાં મદદ કરી. ઈન્ટર્નશીપના દસ દિવસ પછી અમે નીચેના હોલમાં ગયા હતા. ત્યાં અમે અંગ્રેજી સાહિત્ય, મરાઠી સાહિત્ય, સંસ્કૃત સાહિત્ય અને ઉર્દૂ સાહિત્યની માહિતી મેળવી અને અમને જાણવા મળ્યું કે પુસ્તકાલયમાં આવવાથી શૈક્ષણિક ક્ષેત્રે અને જીવન ઘડતરમાં પુસ્તકાલય મહત્ત્વની ભૂમિકા ભજવે છે. કારણ કે જે વસ્તુઓ સ્કૂલોમાં ભણાવવામાં આવે છે, તેના કરતા ગ્રંથાલય અને તેમાં રહેલા ઉત્તમ પુસ્તકોની ભૂમિકા અનોખી છે. ઈન્ટર્નશીપ દરમિયાન જ્ઞાનભંડારની વચ્ચેથી પસાર થવાનો અવસર પ્રાપ્ત થયો, જે મારા જીવનનો યાદગાર પ્રસંગ છે.

આ ૨૧ દિવસ દરમિયાન મને ખૂબ જ સારો અનુભવ થયો. પુસ્તકાલય વિજ્ઞાનનું જ્ઞાન પામતાં-પામતાં વિવિધ વિષયોના પુસ્તકો વાંચવાનું સદ્ભાગ્ય પ્રાપ્ત થયું. જેને કારણે હું જ્ઞાનથી સમૃદ્ધ થઈ છું. ઈન્ટર્નશીપ દરમિયાન શિસ્ત સાથે કાર્ય કરવાની ટ્રેનિંગ મળી છે. જે ભવિષ્યમાં નોકરીમાં જોડાવાનું બનશે તેમાં ખૂબ જ ઉપયોગી બની રહેશે.

આ ૨૧ દિવસની ઈન્ટર્નશીપમાં મારા જીવનનો અત્યંત અનમોલ અનુભવ રહ્યો. અહીં મને સર અને મેડમનો સારો સહકાર મળ્યો અને મારા કોલેજના સાથી મિત્રોનો પણ સહકાર આ ઈન્ટર્નશીપમાં મળ્યો છે.

આ ઈન્ટર્નશીપનો અનુભવ મને ભવિષ્યમાં સમાજસેવા, સંશોધન અને માનવીય વિકાસ ક્ષેત્રે વધુ સંવેદનશીલ અને જવાબદાર બનવા પ્રેરિત કરશે.

**- રબારી રીયા ભરતભાઈ (બી.એ.સેમ.-૬, ગુજરાતી, રોલ નં. ૧૯૨)**

❊ ❊ ❊

## ઈન્ટર્નશીપ દ્વારા વ્યકિતત્વ ઘડતરના અનુભવો

આ ઈન્ટર્નશીપ અહેવાલ તૈયાર કરવાનો પ્રસંગ મારા શૈક્ષણિક જીવનમાં એક મહત્ત્વપૂર્ણ અધ્યાપન છે. મારા જીવનમાં આ ઈન્ટર્નશીપનું ઘણું મહત્ત્વ છે. આ દરમિયાન અનેક વ્યક્તિઓને પોતાના સમય, માગદર્શન, પ્રેરણા અને સહકાર દ્વારા મને અમૂલ્ય સહાય પૂરી પાડી તેમનો આ પ્રસંગ હું દરેક પ્રત્યે મારી હૃદયપૂર્વકની કૃતજ્ઞતા વ્યકત કરું છું.

સૌ પ્રથમ હું મારા માર્ગદર્શક પ્રાધ્યાપક શ્રી નીતિન સરનો હૃદયપૂર્વકની આભારી છું. જેમણે મને ઈન્ટર્નશીપ દરમિયાન સતત માર્ગદર્શનથી જ હું ઈન્ટર્નશીપના દરેક તબક્કા શૈક્ષણિક દષ્ટ્રિકોણ સાથે માનનીય દષ્ટિ પણ વિકસાવી શકી તેમણે મને માત્ર માહિતી નથી આપી પણ કેવી રીતે વિચારવું તે શીખવ્યું છે. જે શિક્ષણનો સાચો અર્થ છે. તે શીખવ્યું ત્યારે બાદ હું આર.કે. પરીખ કોલેજના અર્થશાસ્ત્ર વિભાગની વિશેષ આભારી છું તેમનો વ્યક્ત કરું છું જેમણે અમને ઈન્ટર્નશીપ માટે યોગ્ય માર્ગદર્શન અને તક પૂરી પાડી વિભાગના તમામ પ્રાધ્યાપકોના

પ્રોત્સાહન અને કોલેજના પ્રિન્સિપાલ સરના સહયોગ અને સૂચનો ખૂબ જ પ્રેરણારૂપ રહ્યા અને મારા કોલેજના પ્રિન્સિપાલનો પણ આભાર કે જેમણે વિદ્યાર્થીઓને સામાજિક ક્ષેત્રમાં પ્રયોગિક અભ્યાસની તક ઊભી કરી. જેના કારણે આપણે પુસ્તકીય જ્ઞાનને વાસ્તવિક જીવન સાથે જોડવાનું શીખી શકીએ છીએ.

હું પેટલાદ નગરપાલિકાના સંસ્થાના પ્રમુખ, મેનેજર અને સમગ્ર સ્ટાફની ખૂબ આભારી છું. આ સંસ્થામાં જોડાતાં જ તેમણે મને પરિવારનાં સભ્યની જેમ સ્વીકારી તેમને માર્ગદર્શન સાથે તેમને અલગ-અલગ વિભાગમાં થતા કાર્યોની જાણકારી અને જે કાર્ય થતું તે કામ પણ શીખવ્યું બધા સર સાથે અમને સારો અનુભવ થયો તેમજ અમને ખૂબ જ મઝા આવી.

- આ ઈન્ટર્નશીપના કાર્ય માટે મને મારા મિત્રો અને સહપાઠીઓએ પણ ઘણો સહકાર આપ્યો. અભ્યાસ ચર્ચા રિપોર્ટ તૈયાર કરવાની પ્રક્રિયા અને વિવિધ કાર્યોમાં તેમની મદદથી ઈન્ટર્નશીપ તાલીમ ઈન્ટર્નસી પૂરી કરવી મુશ્કેલ હતી અમૂલ્ય રહી. તેમના સહકાર વિના ઈન્ટર્નશીર પૂરી કરવી મુશ્કેલ હતી.

- મારો પરિવાર ખાસ કરીને મારા વાલીએ આ ઈન્ટર્નશીપ દરમિયાન સતત પ્રોત્સાહન આપ્યું તેમની પણ હું હૃદયપૂર્વક આભારી છું તેઓ હંમેશા મારી પ્રગતિના સ્રોત બન્યા. તેમની સમંતિ મારા માટે પ્રેરણાનું સ્રોત બની તેમની સમંતિ અને વિશ્વાસથી હું આ નગરપાલિકામાં ઈન્ટર્નશીપ માટે આગળ વધી શકી.

આ ઈન્ટર્નશીપ દરમિયાન મેં અનેક અનુભવો મેળવ્યા, કેટલાક શૈક્ષણિક અને અલગ-અલગ સામાજિક જીવનમાં આગળ પ્રગતિ કરવા કામમાં આવે એવા ગણા બધા અનુભવો મેળવ્યા આ બધું મારા જીવનમાં પ્રેરણાત્મક રહેશે. ઈન્ટનશીપ દરમિયાન દરેક તબક્કે યોગ્ય લોકો સાથે જોડાવવાનું બન્યું. ઈન્ટર્નશીપે મારા શૈક્ષણિક અને વ્યક્તિગત વિકાસમાં અદ્‌ભુત યોગદાન આપ્યું.

આ અહેવાલ માત્ર એક ફરજ નથી. પરંતુ એક ભવ્યયાત્રાનો પ્રતિબિંબ છે. જેનો દરેક પાનામાં સહકાર, સંવેદના અને શિક્ષણનો સ્પર્શ છે. હું તમામ સમર્થકો પ્રત્યે મારા હૃદયથી નમન કરું છું.

**- ઠાકોર ભૂમિકાબેન નગીનભાઈ (બી.એ.સેમ.-૬,અર્થશાસ્ત્ર, રોલ નં. ૨૬)**

* * *

## ઈન્ટર્નશીપના મારા અનુભવો

આ ઈન્ટર્નશીપનો સમયગાળો મારી જીવનયાત્રાનો એક મહત્ત્વપૂર્ણ ભાગ બની ગયો. જ્યારે હું ધરતીનો છેડો વૃદ્ધાશ્રમના દ્વાર પર પહેલી વાર પહોંચી ત્યારે મનમાં ઉત્સુકતા પણ હતી અને થોડો ખચકાટ પણ. ત્યાં પહોંચતાંની સાથે જ સ્ટાફ અને વૃદ્ધોનું આત્મિય સ્વાગત પામ્યા. તેમની આંખોમાં એક અનોખી શાંતિ અને લાગણી દેખાતી હતી. ત્યારે જ મને સમજાયું કે અહીં દરેક દિવસ એક નવી શીખ આપશે.

સવારે ૬ વાગ્યે પ્રાર્થના સાથે દિવસની શરૂઆત થતી. પ્રાર્થનાના સમયે બધા વૃદ્ધો સાથે ભજન ગાતા, કોઈ હાથ જોડીને ધ્યાનમાં લીન રહેતા. તે પળોમાં એક અદ્‌ભુત આધ્યાત્મિક શાંતિ અનુભવતા ત્યારબાદ યોગા અને અખબાર વાંચનની પ્રવૃત્તિ થતી. જેમાં હું પણ જોડાતી હું વૃદ્ધોને તાજા સમાચાર સમજાવતી અને તેઓ પોતાના યુગના અનુભવોની વાતો કરતા તેમની વાતોમાંથી મને સમજાયું કે સમય બદલાય છે. પરંતુ લાગણીઓ અને મૂલ્યો ક્યારેય બદલાતા નથી. ભોજન વિતરણમાં સહકાર આપતાં મને સમજાયું કે 'સેવા' નો અર્થ માત્ર મદદ જ નથી પણ પ્રેમપૂર્વકનો સાથ છે હું દવા આપવાની પ્રક્રિયામાં પણ સહાય આપતી. તેમજ સફાઈ અને રૂમ વ્યવસ્થામાં મદદ કરતી. કેટલાક વૃદ્ધો સાથે વાતચીત દરમ્યાન તેઓ પોતાની જીવનયાત્રાના ઉતાર-ચઢાવ જણાવતા. એક દાદાશ્રીએ કહ્યું હતું કે ''સંબંધો પૈસા કરતાં મોટા છે, પણ આજના યુગમાં એ ભૂલાઈ ગયું છે.'' આ શબ્દોએ મને ખૂબ અસર કરી.

સાંજે સૌ સાથે ભજન-કીર્તન થતું. ત્યારે હોલમાં એક અનોખો આનંદ અને શાંતિનો મહોલ છવાઈ જતો. તહેવારોની ઉજવણી દરમિયાન વૃદ્ધોના ચહેરા પર દેખાતી ખુશી મારા હૃદયમાં અવિસ્મરણીય બની ગઈ. તે પળોમાં સમજાયું કે આનંદ ખરીદાતો નથી પણ આપણે તે જાતે બનાવવાનો હોય છે - પ્રેમ, સંગાથ અને સહાનુભુતિથી.

સંસ્થાના સ્ટાફ સાથે કામ-કામ કરતાં અને ટીમવર્ક, સંવાદ અને સંચાલનના કૌશલ્યો શીખવા મળ્યા. સ્ટાફના સભ્યો કેવી રીતે શાંતિથી વૃદ્ધોની જરૂરિયાતોને સમજે છે તે જોયું. તે માનનીય સેવાનું સાચું ઉદાહરણ હતું.

અમે 'ધરતી છેડો વૃદ્ધાશ્રમ' લવાલ વિકલાંગ આશ્રમ અને શિક્ષણ એ જ કલ્યાણ સંકુલની મુલાકાત કરતા અને આણંદમાં વૃદ્ધાશ્રમ-૩ ની પણ મુલાકાતે જતાં અને નિરાધાર બા-દાદાની તકલીફને સમજતાં હતાં. ત્યાં માત્ર બા-દાદા જ નહીં પરંતુ છોકરા-છોકરીઓ પણ આશ્રમમાં રહેતાં હતાં. ત્યાં બધાંની એકતા જોઈ મન શાંત થઈ જતું.

તેમના અનુભવ વગર સમાજનું સંસ્કાર જાળું અધૂરું છે.આ અનુભવોએ મારી વિચારસરણીને નવી દિશા આપી. મારી અંદર સહાનૂભુતિ, સહકાર અને સેવા જેવા માનનીય ગુણો વધુ મજબૂત બન્યા.

અંતે હું એટલું કહી શકું છું કે ''ધરતી નો છેડો વૃદ્ધાશ્રમ, વિકલાંગ આશ્રમ અને શિક્ષણ એ જ કલ્યાણ સંકુલ '' એ મારા માટે માત્ર ઈન્ટર્નશીપનું સ્થાન નહોતું. પરંતુ માનવતાની પાઠશાળા હતી. જ્યાં દરેક દિવસ એક જીવંત અધ્યાય બન્યો.

**- વાળંદ ટીશા આર. (બી.એ.સેમ.-૬,ગુજરાતી, રોલ નં. ૧૫૪)**

* * *

## ઈન્ટર્નશીપ : કારકિર્દી ઘડતરનું સોપાન

PFG Glasskem Equipments Pvt. Ltd. એક પ્રતિષ્ઠિત ઔદ્યોગિક ઉત્પાદન કંપની છે, જે મુખ્યત્વે કેમિકલ, ફાર્માસ્યુટિકલ અને પ્રોસેસ ઈન્ડસ્ટ્રીઝ માટે ઉપયોગમાં લેવાતા ઉચ્ચ ગુણવત્તાવાળા સાધનોનું ઉત્પાદન કરે છે. કંપની ખાસ કરીને Glass Lined Reactors, Glass Lined Agitator Anchor, Glass Lined Impetter Anchor તથા તે સંબંધિત અન્ય ગ્લાસલાઈન્ડ ઉપકરણોના ઉત્પાદન માટે જાણીતી છે. ગ્લાસલાઈન્ડ સાધનો કાટપ્રતિરોધક, સુરક્ષિત અને લાંબા સમય સુધી ટકાઉ હોવાને કારણ કેમિકલ ઉદ્યોગોમાં વિશેષ મહત્ત્વ ધરાવે છે. કંપની આધુનિક ટેકનોલોજી, કુશળ માનવ સંસાધન અને ઉત્તમ ગુણવત્તા નિયંત્રણ દ્વારા તેના ઉત્પાદનો તૈયાર કરે છે.

સંસ્થાના માનવ સંસાધન વિભાગ સંસ્થાને સફળતાનો આધારસ્તંભ માનવામાં આવે છે. HR વિભાગ કર્મચારીઓની ભરતી, પસંદગી, તાલીમ, વિકાસ, શિસ્ત અને કલ્યાણ જેવી વિવિધ

જવાબદારીઓ સંભાળે છે. ઈન્ટર્નશીપ પ્રારંભે મને કંપનીની કાર્યસંસ્કૃતિ, નિયમો અને નીતિઓ વિશે વિગતવાર માહિતી આપવામાં આવી, જેના કારણે મને સંસ્થાની કાર્યપદ્ધતિ સમજવામાં સરળતા રહી.

ઈન્ટરશીપ દરમિયાન મને HR વિભાગની વિવિધ પ્રવૃત્તિઓમાં સક્રિય રીતે ભાગ લેવા મળ્યો, કર્મચારીઓના વ્યક્તિગત રેકોર્ડ જાળવવા, હાજરી નોંધણી, ફાઈલિંગ સિસ્ટમ, દસ્તાવેજોની ચકાસણી અને અપડેશન જેવી કામગીરી દ્વારા ઓફિસ મેનેજમેન્ટનું મહત્ત્વ સમજાયું. યોગ્ય રીતે દસ્તાવેજોનું સંચાલન સંસ્થાની કાર્યક્ષમતામાં વધારો કરે છે, તેનો અનુભવ મને થયો.

તે ઉપરાંત, મને ભરતી પ્રક્રિયા (Recruitment Process) અંગે વ્યવહારું જ્ઞાન પ્રાપ્ત થયું. રિઝ્યુમ સ્ક્રિનિંગ, ઉમેદવારોની માહિતી એકત્રિત કરવી, ઈન્ટરવ્યુ પ્રક્રિયાની તૈયારી અને ઉમેદવારો સાથે સંવાદ સાધવાની રીતો શીખવા મળી. આ પ્રક્રિયામાંથી મને સમજાયું કે યોગ્ય ઉમેદવારની પસંદગી સંસ્થાની પ્રગતિ માટે અત્યંત મહત્ત્વપૂર્ણ છે.

HR વિભાગ દ્વારા કરાવામાં આવતી તાલીમ અને વિકાસ (Training & Development) પ્રવૃત્તિઓનું પણ નિરીક્ષણ કરવાની તક મળી. કર્મચારીઓની કાર્યક્ષમતા વધારવા માટે તાલીમ, માર્ગદર્શન અને પ્રેરણા આપવાની પ્રક્રિયા, HR વિભાગની મુખ્ય જવાબદારી છે. કર્મચારીઓનું મનોબળ ઊંચું રાખવા અને સકારાત્મક કાર્યપરિવેશ ઊભો કરવા માટે HR વિભાગ કેવી રીતે કાર્ય કરે છે તે મેં નજીકથી અનુભવ્યું.

આ ૨૧ દિવસની ઈન્ટરશિપ દરમિયાન મેં સમય વ્યવસ્થાપન, ટીમવર્ક, સંવાદ, કુશળતા, શિસ્ત અને વ્યાવસાયિક વર્તન જેવા મહત્ત્વપૂર્ણ ગુણો વિકસાવ્યા. વરિષ્ઠ અધિકારો અને સહકર્મચારી પાસેથી મળેલું માર્ગદર્શન મારા માટે ખૂબ પ્રેરણાદાયક રહ્યું. તેઓ હંમેશા સહયોગી રહ્યા અને શીખવાની દરેક તક મને પૂરી પાડી.

અંતમાં એવું કહી શકાય કે PFG Glasskem Equipments Pvt. Ltd. માં HR તરીકે કરેલી ૨૧ દિવસની ઈન્ટર્નશીપ મારા માટે જ્ઞાનવર્ધક, અનુભવસભર અને પ્રેરણાદાયક રહી. આ ઈન્ટરશીપે મારા આત્મવિશ્વાસમાં વધારો કર્યો અને ભવિષ્યમાં વ્યાવસાયિક જીવન માટે મજબૂત પાયો તૈયાર કર્યો. આ અમૂલ્ય તક આપવા બદલ હું સંસ્થાના સંચાલક, HR વિભાગના અધિકારીઓ તથા માર્ગદર્શકોનો હૃદયપૂર્વક આભાર વ્યકત કરું છું.

**- ગોહેલ ફોરમ હરેશભાઈ (બી.એ.સેમ.-૬, રોલ નં.૫)**

* * *

## ઈન્ટર્નશીપ : કૌશલ્ય વર્ધનની તાલીમ

મારું નામ સાનિયાબેન જયેશભાઈ. હું આર.કે.પરીખ આર્ટસ એન્ડ સાયન્સ કોલેજ પેટલાદમાં અભ્યાસ કરું છું. મારી ઈન્ટર્નશીપ દરમિયાન મને અલગ અલગ અનુભવો મેળવ્યા થયા. મેં ઈન્ટર્નશીપ વકીલની ઓફિસમાં કરી હતી અને ત્યાં આગળ હું કેસ જોતી હતી. અને ત્યાં વકીલાતની સાથે સાથે એકાઉન્ટીંગનું કામ પણ ચાલતું હતું. ઈન્ટર્નશીપમાં અનેક અનુભવો જોવા મળતા હતા. મારા સરનું નામ અમરસિંહ આર. ઝાલા હતું. આ સંસ્થામાં નોટરી પણ કરવામાં આવતી હતી. ઈન્ટર્નશીપનો મુખ્ય હેતુ વિદ્યાર્થીઓને વાસ્તવિક કામકાજ કરાવવાનો અનુભવ છે. આ અનુભવથી મારી સમજશક્તિમાં વધારો થયો. આ ઈન્ટર્નશીપ દરમિયાન અલગ-અલગ કાર્ય ટીમવર્કથી કરવામાં આવતું હતું. આ ઈન્ટર્નશીપ દરમિયાન ઓફિસમાં કમ્પ્યુટર ઉપર ડેટા કે એન્ટ્રી, એક્સલ-વર્ડમાં માહિતી તૈયાર કરવી, અને ઈન્ટર્નશીપ દરમિયાન સ્ટાફને કાર્યો આપવામાં આવે તે ધ્યાનપૂર્વક પૂર્ણ કરવામાં આવતાં. આ ઈન્ટર્નશીપમાં અનેક રૂપમાં તેના ટેકનિકલ કે વ્યાવસાયિક કૌશલ્યનો અનુભવ થયો છે. આ ઈન્ટર્નશીપ દરમિયાન આ સંસ્થામાં મળેલા માર્ગદર્શન અને અનુભવ મારો આત્મવિશ્વાસ વધારનાર સાબિત થયો. આ ઈન્ટરશિપ માટે વ્યક્તિગત રીતે ખૂબ લાભદાયી અને વ્યાવસાયિક રીતે ઉપયોગી સાબિત થયો છે. આ ઈન્ટર્નશીપ દરમિયાન સર, સ્ટાફ અને બધાનો આભાર માનું છું.

**- પટેલ સાનિયાબેન જયેશભાઈ (બી.એ.સેમ.-૬, અર્થશાસ્ત્ર, રોલ નં.૩૪)**

* * *

## તસવીરના આઈનામાં ઈન્ટર્નશીપ







# તસવીરના આઈનામાં ઈન્ટર્નશીપ



















# તસવીરના આઈનામાં ઈન્ટર્નશીપ









વ્હાલા વાચકમિત્રો,

'ઉત્થાન' એ વિદ્યાર્થીઓનાં જોમ અને ઉત્સાહ-શક્તિ દ્વારા સમાજમાં ઊંચા શિખરો સર કરી તેમનાં સ્પંદનોને સ્પર્શ કરતા ત્રિમાસિક તરીકે સ્થાન પ્રાપ્ત કર્યું છે. અંકમાં લખેલા લેખ, કાવ્યો તથા અન્ય કૃતિઓ જે કંઈ તેઓએ સાંભળ્યું છે, વાંચ્યું છે કે વિચાર્યું છે તેને તેઓએ પોતાના શબ્દોમાં વ્યક્ત કરવા પ્રયત્ન કર્યો છે. આ 'ઉત્થાન' મેગેઝિન દ્વારા કવિઓ, લેખકો અને સાહિત્યકારોનો ઉછેર કરવાનું કામ થઈ રહ્યું છે. માટે વિદ્યાર્થીઓની જે કાંઈ ભૂલો છે તેને ક્ષમ્ય ગણી તેમને પ્રોત્સાહિત કરશો તેવી વાચક મિત્રો પાસેથી અપેક્ષા રાખીએ છીએ. વાંચનના અંતે આપના પ્રતિભાવ અમારા સરનામે અથવા Email ID-petladartsandscience@gmail.com મારફતે લખી મોકલાવશો.

- સહતંત્રીશ્રી

(Printed Matter)

**BOOK POST**

To ______________________

______________________

______________________

______________________

From :-

આચાર્યશ્રી
શ્રી આર.કે. પરીખ આર્ટ્સ એન્ડ
સાયન્સ કોલેજ, પેટલાદ.
જિ. આણંદ - ૩૮૮ ૪૫૦. ફોન : (૦૨૬૯૭) ૨૫૨૩૯૬, મો. ૬૩૫૪૪ ૫૮૨૮૧